ક્રમાંક- પાશિનિ/જ/રાજ્યએવોર્ડ/૨૦૨૧/ ૨૦૫૬-૨૧૯૦
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી.
બ્લોક નં-૧૨/૧. ડૉ. જીવરાજ મહેતા ભવન.
ગુ. રા. ગાંધીનગર.
તા.૦૩/૦૫/૨૦૨૧

પ્રતિ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.
તમામ.

વિષય:- તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવા બાબત.
સંદર્ભ:- (૧)શિક્ષણ વિભાગનાતા.૨૫/૬/૨૦૧૯નો ઠરાવક્રમાંક:પીઆરઇ-૧૧૨૦૧૯/સિંઠ-૧૩/ક.

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત ઠરાવ અન્વયે જણાવવાનું કે રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક આપીપ્રોત્સાહિત કરવા માટે તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવા માટેની પસંદગી પ્રક્રિયા અને તેનું માળખું . સરકારશ્રી,શિક્ષણ વિભાગનાં તા.૨૫/૦૬/૨૦૧૯ નાં ઠરાવ અન્વયે, ઘડવામાં આવેલ છે અને આ નીતિ નિયમોને આધિન તાલુકાકક્ષાએ , જિલ્લાકક્ષાએ અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવામાં આવે છે. જે આ સાથે સામેલ રાખી, મોકલી આપવામાં આવે છે.

તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવા અંગે શિક્ષણ વિભાગના તા.૨૫/૬/૨૦૧૯ નાં ઠરાવની જોગવાઇ મુજબ જિલ્લા કક્ષાએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

રાજ્યની સરકારી, બિન સરકારી અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં હાલમાં શૈક્ષણિક કાર્ય કરતાં શિક્ષકો, મુખ્ય શિક્ષકો અને દિવ્યાંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને બિન સરકારી અનુદાનિત સંસ્થાઓના શિક્ષકોમાંથી શ્રેષ્ઠ શિક્ષક તરીકે દર વર્ષે રાજય સરકાર દ્વારા પસંદગી કરી, પારિતોષિક આપવાની યોજના અમલમાં આવેલ છે. અને તે પ્રમાણે સપ્ટેમ્બર-૨૦૨૧ માં એનાયત કરવાના શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી કરવા માટે તાલુકા/જિલ્લા કક્ષાએથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અધ્યક્ષતા વાળી પસંદગી સમિતિ તરફથી ભલામણો સાથેની દરખાસ્ત મંગાવવામાં આવે છે.
જિલ્લા શિક્ષણાધિકારીએ આવી દરખાસ્તો,આ કચેરીને નીચેના સમય પત્રક પ્રમાણે રૂબરૂમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.જિલ્લાની દરખાસ્તો વિલંબથી રજુ થવાના પરિણામે ઘણી વહીવટી મુશ્કેલી ઉપસ્થિત થઇ શકે છે. આવુ ન બને તેની સૌએ કાળજી લેવી.

શિક્ષક પોતે, વાલીઓ, સમાજની વ્યક્તિઓ અથવા શિક્ષણ સાથે સંકળાયેલ અન્ય લોકો દ્વારા કોઇ શિક્ષકનાં નામની ભલામણ થાય તો તેને દરખાસ્ત તરીકે ગણી, વિચારણામાં લેવાની રહેશે.

રાજ્ય કક્ષાના પારિતોષિક માટે સૌ પ્રથમ તાલુકા કક્ષાની પસંદગી બાદ, જિલ્લા કક્ષાએથી પસંદગી કર્યા બાદ રાજય પારિતોષિક મેળવવા માટેની દરખાસ્તો, નીચે દર્શાવેલા જિલ્લાઓની સામે જણાવેલ તારીખ અને સમય દરમ્યાન અત્રેની કચેરીને રૂબરૂમાં મળી જાય, તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

| ક્રમ | જિલ્લાઓના નામ | આ કચેરીમાં રૂબરૂ રજૂ કરવાની તારીખ | સમય અને વાર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | વડોદરા, અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, ખેડા, આણંદ, પાટણ, મહેસાણા, ગાંધીનગર | તા.૨૧/૦૬/૨૦૨૧ | સોમવાર ૧૧.૦૦ કલાકે |
| ૨ | ભરૂચ, નર્મદા, નવસારી, ડાંગ, વલસાડ, સુરત, તાપી, સાબરકાંઠા, અરવલ્લી | તા.૨૧/૦૬/૨૦૨૧ | સોમવાર ૨.૦૦ કલાકે |
| ૩ | રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર,મોરબી, બોટાદ,દે.દ્વારકાકચ્છ, બનાસકાંઠા, પંચમહાલ, | તા.૨૨/૦૬/૨૦૨૧ | મંગળવાર ૧૧.૦૦ કલાકે |
| ૪ | પોરબંદર, ભાવનગર, જુનાગઢ, અમરેલી, ગીરસોમનાથદાહોદ, છોટાઉદેપુર, મહીસાગર | તા.૨૨/૦૬/૨૦૨૧ | મંગળવાર ૨.૦૦ કલાકે |

(૩) તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાના પારિતોષિક માટે ઉક્ત ઠરાવથી નિયત કરેલ સમિતિએ, નિયત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે. હાલનાં Covid-19 ને કારણે ઉભા થયેલ અસાધારણ સંજોગોને ધ્યાને લેતાં,જિલ્લા પસંદગી સમિતિએ, ગુણાંકન કરવા માટે મળેલ દરખાસ્તોને સંબંધિત શાળાઓની રૂબરૂ મુલાકાત લેવામાંથી નિષ્ણાતોની સમિતિને મુક્તિ આપવાની રહેશે.તથા શિક્ષકોનાં અગાઉનાં વર્ષમાં કરેલા કાર્યને આધારે અને અન્ય બાબતોને ચકાસીને ગુણાંકન કરવાનું રહેશે.પસંદગી પ્રક્રિયામાં વિલંબ ન થાય તે હેતુથી તાલુકા કક્ષાએ તથા જિલ્લા કક્ષાએ એવોર્ડ માટે શિક્ષકની પસંદગી કરવા માટે તા.૧૪/૦૬/૨૦૨૧ સુધીમાં પસંદગી સમિતિ બોલાવી. પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. રાજ્ય કક્ષાએ પારિતોષિક આપવા માટે તા.૧૭/૦૬/૨૦૨૧ સુધીમાં પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે અને રાજ્ય કક્ષાએ પસંદગી માટે શિક્ષકોની દરખાસ્ત, આ કચેરીને ઉપરોક્ત કોઠામાં દર્શાવ્યા પ્રમાણેની તારીખે રૂબરૂમાં મળે, તે રીતે મોકલી આપવાની રહેશે.

(૪) શિક્ષણ વિભાગના તા.૨૫/૦૬/૨૦૧૯ નાં ઠરાવની જોગવાઇ ફકરા (ચ) મુજબ તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક માટે સરકારી અને અનુદાનિત શાળાના શિક્ષકની જ પસંદગી કરવાની રહેશે.

પાત્રતા ધરાવતા શિક્ષકો વધુમાં વધુ સંખ્યામાં દરખાસ્તો કરે તે માટે સરકારશ્રી,શિક્ષણ વિભાગના તા.૨૫/૦૬/૨૦૧૯ નાં ઠરાવની જોગવાઇ અનુસાર વધુમાં વધુ પ્રચાર પ્રસાર થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. વધુમાં અત્રેની કચેરી દ્વારા શ્રેષ્ઠ શિક્ષક પારીતોષિક અંગેની જાહેર નિવિદા આપવામાં આવશે. તેને પણ ધ્યાને લઇ કાર્યવાહી કરવાની રહેશે.

રાજ્ય પારિતોષિકની દરખાસ્ત કરવા માટે આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ તથા પ્રમાણપત્રો, નિયત નમૂનામાં આપવામાં આવેલ છે. તેમાં જરૂરી વિગતો-માહિતી ભરી,કર્મચારી તથા અધિકારીના સહી સિક્કા કરાવી ,દરખાસ્ત તૈયાર કરી, મોકલી આપવાની રહેશે.

દરખાસ્ત મોકલવાનું સ્થળ :- અધિક્ષકશ્રી – જ શાખા, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુ.રા.ગાંધીનગર.

નિયામક
પ્રાથમિક શિક્ષણ,
ગુ. રા. ગાંધીનગર.

બિડાણ:- શિક્ષણ વિભાગનાં તા.૨૫/૦૬/૨૦૧૯ નો ઠરાવની નકલ.

Scanned with CamScanner

...જાણ સારૂ-

૧. નિયામકશ્રી જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર. જીવન શિક્ષણમાં પ્રસિધ્ધ કરવા સારૂ.

૨. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, જુના સચિવાલય, ગાંધીનગર.

૩. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
આપના તરફથી પ્રસિધ્ધ થતાં ' માધ્યમિક શિક્ષણ પરિક્ષણ' માસિકમાં પ્રસિધ્ધ કરવા સારૂ.

૪. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી , (તમામ)

૫. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ.
આપના કાર્યક્ષેત્રની દરખાસ્તો સમયમર્યાદામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને રજુ કરવા કાળજી લેવા સારૂં.
(મારફત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી)

૬. શાસનાધિકારીશ્રીઓ /મહાનગર/ નગરશિક્ષણસમિતિઓ, (તમામ) .
આપના કાર્યક્ષેત્રની દરખાસ્તો સમયમર્યાદામાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને રજુ કરવા કાળજી લેવા સારૂ.

૭. પ્રમુખશ્રી,ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ,શ્રી દિગ્વિજયસિંહ જાડેજા,પ્લોટ નં-૨૯, પ્રગતિપાર્ક, દિગ્જામ સર્કલ પાસે,જામનગર.

૮. પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ, શ્રી દિનેશભાઇ ચૌધરી,એમ.બી.હાઇસ્કૂલ,મોઢેરા રોડ,નિરમા ફેકટરીની બાજુમાં,મહેસાણા,તા.જી.મહેસાણા.

૯. પ્રમુખશ્રી,ગુજરાત રાજ્ય ઉચ્ચ માધ્યમિક શિક્ષક સંઘ. શ્રી ભરતભાઇ આર.પટેલ,'અલય' ૧૮,કૃપા સોસાયટી,માંગલિક પાર્ટી પ્લોટની બાજુમાં,અક્ષર ફાર્મ રોડ,આણંદ,મો.- ૯૪૦૯૦૧૦૯૬૭.

૧૦. પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ,શ્રી જયપ્રકાશભાઇ પી.પટેલ,C/O BJP પ્રમુખ મહિસાગર ડિસ્ટ્રીકટ,મુ.પો.જાનવડ,તા.સંતરામપુર,જી.મહિસાગર-૩૮૯૨૬૦.

૧૧. પ્રમુખશ્રી,પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ-ગુજરાત, શ્રી ભીખાભાઇ આર.પટેલ,મધુકર ભવન,૩૨-એ, એલ. કોલોની,નહેરૂનગર પાસે,આંબાવાડી,અમદાવાદ-૫.

૧૨. પ્રમુખશ્રી,માધ્યમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાત - (ગ્રાન્ટેડ), શ્રી રમેશભાઇ ડી.ચૌધરી,નાલંદા વિદ્યાલય, રાધનપુર,તા.રાધનપુર,જી.પાટણ.

૧૩. પ્રમુખશ્રી,ઉચ્ચત્તર માધ્યમિક શૈક્ષિક મહાસંઘ,ગુજરાત - (ગ્રાન્ટેડ), શ્રી મિતેષભાઇ ડી.ભટ્ટ,જૈનાચાર્ય આનંદસુરી વિદ્યાલય, હિંમતનગર,તા.હિંમતનગર,જી.સાંબરકાંઠા.

૧૪. પ્રમુખશ્રી,આચાર્ય શૈક્ષિક મહાસંઘ,ગુજરાત - (ગ્રાન્ટેડ), શ્રી ભાવિનકુમાર એસ.ભટ્ટ,શ્રી ચંપકગુરૂ માધ્યમિક શાળા,દડવા,તા.ઉમરાળા ,જી.ભાવનગર.

☆ ☆ ☆

જા.નં/મા-૨/એવોર્ડ/૨૦૨૧/
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઇન્સ,સુરત
તા.૦૪/૦૫/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી/સંચાલકશ્રી,
સુરત જિલ્લાની સરકારી/બિનસરકારી અનુદાનિત ખાનગી,પ્રાથમિક,માધ્યમિક/ઉ.મા. શાળાઓ તરફ,
૨/-ઉકત પત્રથી જાણ તથા કાર્યવાહી કરવા સારૂં.

Scanned with CamScanner

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત,જિલ્લો સુરત